## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

ફિલ્મી નેતાઓ રાજકારણે નાટક કરે છે,
રૂપ, સંવાદો, અભિનયથી ત્રાટક કરે છે,
ઝાટકે વસ્ત્રો સ્વાર્થ પછી - સિદ્ધાંત હીનો -
ટાઢક એને નાણાની, ભેગું 'હાટક' કરે છે.
(ફિલ્મી અભિનેતા રાજકારણમાં)

### હાઈકુ

ડૂબાડે હક
જુના કાર્યકરો તો
કરે મજૂરી..
(મોટાં માથાંનો મોહ)

ગભરાયા છે,
દે નોટીશ ગંભીર -
ઓબામા પણ..
(પાકિસ્તાન ને ધમકી)

### ચિંતન

**ઉત્તમો અપ્ય ધમસ્ય સ્યાધાંશ્ચા નમ્રકરઃ કચિત ।**
**કૌસ્તુભાદીનિ રત્નાનિ યયાચે હરિરમ્બુધિમ્ ॥**

કહેવત છે કે ગરજે ગર્દભને પણ પિતાશ્રીનું માન-સન્માન આપવું પડે છે. આ શ્લોકમાં આવો જ કંઇક સંદેશ છે :

'કેટલીકવાર ઉત્તમ-સદ્‌ગુણી-સજ્જનને પણ, હલકા-બુદ્ધિ વગરના-નીચજન પાસે પણ હાથ લંબાવવો પડે છે. યાચના કરવી પડે છે. દા.ત. ભગવાન વિષ્ણુને પણ સમુદ્ર પાસેથી જરૂરિયાત પ્રમાણે રત્નોની યાચના કરવી પડી હતી.'

ઘણીવાર નશીબ અને કર્મ અનુસાર કયારેક નીચ-હલકા-દુર્જન પાસે ઉત્તમ-સારી વસ્તુ વારસાથી કે નસીબથી આવી પડી હોય છે. દા.ત. કોઇ જમીનનો ટૂકડો જે રાજમહેલ-મંદિર બાંધવામાં નડતરરૂપ હોય પણ દુષ્ટ ગમે તેટલા ઊંચા ભાવે પણ તે આપવા તૈયાર ન થાય!

ભગવાન વિષ્ણુ એ બીજીવાર એક રાક્ષસ રાજાનું ત્રણે લોકમાં રાજાનું અભિમાન ખંડિત કરવા 'ત્રણ પગલાં' જમીનની યાચના કરવી પડી હતી અને બલિરાજાને પાતાળમાં મોકલી દીધો હતો.

### સુવિચાર

- કુદરત થકી આવેલું દુઃખ એક કસોટી છે.. માણસે જાતે ઊભું કરેલું દુઃખ એ એક શિક્ષા છે - **ધર્મસૂત્ર**
- પ્રેમ માણસને કદી કરમાવા ન દે.. નફરત માણસને કદી ખિલવા ન દે- **એસ. ભટ્ટાચાર્ય**
- ખાલી 'સ્મિત' દ્વારા ઘણા પ્રશ્નો ઉકેલી શકાય અને ફક્ત 'મૌન' દ્વારા ઘણા પ્રશ્નો નિવારી શકાય છે - **મુનિ ચંદ્રશેખર**
- જેમણે સફળતા પ્રાપ્ત કરી છે તેઓ સૌ પુરુષાર્થવાદીઓ હતા.. તેઓએ કદી એમ માન્યું નહીં કે 'નસીબમાં હશે તેમ થશે' - **ફેસબુક**
- દુનિયામાં 'મહાન' એ લોકો છે કે જેમને એવા સમયે હસતાં રહેતા આવડે છે જયારે જીવન એમને રડવાની ફરજ પાડતું હોય છે - **માનસસૂત્ર**
- ઘણીવાર એવું સ્વીકારીને જીવવું પડે છે કે કોઇ વ્યક્તિ તમારા દિલમાં રહી શકે છે જીદગીમાં નહીં - **એસ.એમ.એસ.**
- પોતાના માટે તો સૂઇ જઇએ.. પણ એવું કદી વિચાર્યું કે જેનું દિલ દુખાવ્યું એ આજે સૂઇ શકશે કે નહીં - **મોરારિ બાપુ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

### બોધ કથા

આપણું મન વાંદરા જેવું ચંચળ છે તેમાંય એને જે વાતની ના કહીએ તો તે એ કરે જ. સારું જોવા કરતાં આંખ ખરાબ શોધવા ખૂબ તત્પર હોય છે તમને કોઇ એમ કહે કે આ રસ્તે બહુ જ ખરાબ રીતે કચડાયેલું કુતરું પડ્યું છે એ તરફ તો જોશો જ નહીં. બસ થઇ રહ્યું તમારી આંખ 'કુતરું કયાં છે' એ શોધવા જ લાગી પડશે! ભૂલ-વાંક દોષ જોવાની આપણી જન્મજાત આદત છે.

એક પર્વત પર યાત્રાધામ પર સારી-સ્વચ્છ-સાત્ત્વિક આહાર આપતી 'સિલ્વર સ્ટોન' હોટલ હતી. પણ બરાબર ચાલતી ન હતી. એ કોમર્શિયલ મનોવૈજ્ઞાનિક પાસે ગયો અને ગ્રાહકી વધારવાનો ઉપાય પૂછ્યો.

મનોવૈજ્ઞાનિક હોટલ જાતે જોઇ આવ્યો. ખરેખર સારી સ્વચ્છ અને સાત્ત્વિક આહારવાળી જ હતી. એણે હોટેલ માલિકને સલાહ આપી. યાત્રાધામ છે એટલું તું 'સિલ્વર સ્ટાર' નું નામ બદલી 'પંચ ઘંટા' રાખી દે અને દરવાજે મોટા મોટા છ ઘંટ લટકાવજે..!

યાત્રાળુઓ પ્રવેશ નામ 'પંચ ઘંટા' વાંચે અને 'છ ઘંટ' જોઇ માલિકને એનું આવું ભૂલભર્યું રહસ્યમય નામ રાખવા પૂંછવા અંદર જાય. અને હોટલની 'સ્વચ્છતા' જોઇ ત્યાં જ રોકાઇ જાય.. ગ્રાહકી વધી પણ રહસ્ય તો ખૂદ પણ જાણતો ન હતો. વૈજ્ઞાનિકને પૂછ્યું. મનોચિકિત્સક કહે માણસનો સ્વભાવ ભૂલ શોધવાનો છે એ ભૂલનું રહસ્ય પૂછવા આવ્યા અને સ્વચ્છતા જોઇ રોકાઇ ગયા...

Email - sureshchandrabhatt18@gmail.com

# મેરી શાન તિરંગા હૈ...!! પ્લાસ્ટિકના ત્રિરંગા વહેંચણીનો કાર્યક્રમ...!!

## સત્ય બોલીને ગુનાહિત થઈ ગયા, સજ્જનોના નગરે બેનકાબ થઈ ગયા
## સવારની આન-બાન-શાનના ત્રિરંગા, સાંજ પડતા તો રસ્તે રઝળતા થઈ ગયા

### Hello ફ્રેન્ડસ!



—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

૨૬મી જાન્યુઆરી... રિપબ્લીક ડે... દિલ્હીની પરેડ... સંવિધાન... બધુ જ ખાસ હતું... આજે સત્યજીત પટેલને ધ્વજવંદન કરવા જવાનું હતું... જીલ્લા કક્ષાનું ધ્વજવંદન એટલે ન્યૂઝ ચેનલમાં ચમકવાનું, બધી જ તૈયારી જોરમાં હતી...

બે દિવસ પહેલાં જ ખાદીભવનના સેલમાંથી ખરીદીને લાવેલા લેંઘા-ઝભ્ભાને ડ્રાય ક્લિનીંગ સાથેની કડક ઇસ્ત્રી કરાવીને તૈયાર રાખેલાં. મોદી કુર્તાની ફેશન અપનાવવા એ પણ ભગવા કલરનો વાઇબ્રન્ટના સ્ટોલમાંથી ખાસ એમના પીએ લઇ આવેલા... એમનાં ઘરે સેવકનું કામ કરતા રામુભૈયા ગઇકાલે જ પ્લાસ્ટિકના દસેક ડઝન ત્રિરંગા ખરીદીને લઇ આવેલાં. (હમણાં કાગળના ઝંડાની ફેશન નથી અને કાપડના પરવડતા નથી) એ ગાડીમાં મુકાવી દીધેલાં...

'રામુભૈયા' સત્યજીતે બુમ પાડી.

'જી સાહેબ' કરતા એ નતમસ્તક આવીને ઊભો રહ્યો.

'અરે પેલા બાટાના સેન્ડલને પોલિશ કરવાની છે, પોલિશ વગર કેવું ખરાબ લાગશે!'

'સાહેબ, એ તો મેં રાત્રે જ તૈયાર કરીને મૂક્યાં છે.' રામુભૈયાએ આત્મવિશ્વાસથી આપેલા જવાબથી સત્યજીનને આનંદ થયો.

રોજ કરતાં આજે સત્યજીત કલાક વહેલા ઊઠી ગયેલા. ફટાફટ નાહીને કપડાં પહેરી, ઉપર પેરીસનું લાઇટ પરફ્યુમ છાંટી, એકદમ તૈયાર થઇ ગયાં... બાટાની ચપ્પલ અટકાવી, એ અરિસા સામે જઇને ઊભા રહ્યાં, અને પોતાની જાતને જ નમસ્કાર કરી લીધો!

રામુભૈયાએ બનાવેલી મસાલા આમલેટ અને કોફીને સંપૂર્ણ ન્યાય આપી ઘરની બહાર સત્યજીત નીકળ્યા. આંગણામાં કાર્યકર્તાઓ સફેદ વસ્ત્રોમાં હાજર જ હતા... ઠંડીમાં ઠુઠવાતા બીચારા ઠરી ગયા હતા, બીજો કોઇ કાર્યક્રમ હોત તો તારીખ ફેરવી નાખી હોત... પણ...



ટોળામાં એક અનુભવી સજ્જન હતા, એમણે ઇશારામાં કીધું કે ટોપી પહેરવાની બાકી છે. આખું વર્ષ બધાંને ટોપી પહેરાવતા સત્યજીત વર્ષમાં બે વાર માત્ર આજ્ઞાંકીત પુત્રની જેમ ગાંધી ટોપી ધારણ કરી લેતાં... પેલાં સજ્જનનો ઇશારો સમજીને બીજા એક સેવકે તરત જ એક કડક નવી નક્કોર ગાંધી ટોપી સત્યજીતના હાથમાં આપી દીધી, એ એને પહેરીને સ્કોર્પીઓ ૯૯૯૯ નંબરની ગાડીમાં સવાર થઇ ગયા... વાહ, શું એમનો રૂઆબ હતો!

બહાદુરે ગાડી સ્ટાર્ટ કરી અને સત્યજીત રસ્તામાં ઠેકઠેકાણે લહેરાતા ત્રિરંગા અને દેશભક્તિ ગીતોની ધૂનથી એક દિવસની આ દેશભક્તિ જોરદાર સલામી ઠોકી દીધી... સાવધાનની મુદ્રામાં જોશભેર 'જન ગન મન, અધિનાયક જય હૈ' રાષ્ટ્રગીત ગવાયું... હવે સત્યજીતને ગણતંત્ર દિવસનું ભાષણ આપવાનું હતું.... પણ, નવા નક્કોર કપડાં પહેરવાની લ્હાયમાં પેલુ સેક્રેટરીએ લખી આપેલું ભાષણ તો ઘરે જ રહી ગયું...!

સત્યજીત ફસાયા... સાલું, આ રિપબ્લીક ડે એ શું બોલવાનું, આંબેડકર, સંવિધાન ભારત ગણતંત્ર થયું... પછી શું ? કશું યાદ જ આવતું નહોતું... સત્યજીત શું કામ? ભારતના મોટાભાગના નાગરિકોને રિપબ્લીક ડે ની માહિતી જ નથી... પણ આતો સત્યજીત એને નવો તુક્કો સુઝ્યો, 'સ્વચ્છ ભારત અભિયાન'નું ભાષણ આપી દીધું અને કહ્યું કે, 'આજે આ ૨૬મી જાન્યુઆરી, દેશના મહાન પર્વે આપણે ભારત સ્વચ્છ બનાવવાનો સંકલ્પ કરીએ...' કડકડતી ઠંડીમાં પણ સત્યજીતની હથેળીમાં પરસેવો બાઝ્યો હતો...

હાશ, બચી ગયાની ભાવના સાથે એ ફરી એના કાર્યકરો સાથે ગાડીમાં ગોઠવાયો.

હવે, વિવિધ સંસ્થાઓમાં મુલાકાત અને એમને ત્રિરંગા ધ્વજ આપી 'વંદે માતરમ્' કરવાનો કાર્યક્રમ હતો...

તાલુકાની શાળા.... સરકારી દવાખાના... લાઇબ્રેરી... અનાથાશ્રમ... ગ્રામીણ બેંક... એમ એક બાદ એક સ્થળોએ સત્યજીત ગાડીમાં ફરતા ગયા અને સૌને પ્લાસ્ટિકના ત્રિરંગા આપતા ગયા... હજી બે ચાર જગ્યાએ જવાનું બાકી હતું અને ત્રિરંગા ખૂટી પડ્યાં હતા. ગાડી એક ટ્રાફિક સિગ્નલે રોકાઇ, ત્યાંથી હવે થોડા ત્રિરંગા ખરીદવા જ પડશે એવું નક્કી હતું... સત્યજીતને ઝંડા વેચાતા લેવાનો આ પહેલો જ પ્રસંગ હતો, કારણ અત્યાર સુધી તો કયાંથી મફતમાં આવી જતા અને એ બધાને આપી આવતો...!

સિગ્નલે એક લેંટાળો છોકરો, ભારતની આન-બાન-શાન જેવા પ્લાસ્ટિકના ત્રિરંગા લઇ કોઇ ખરીદે એની લાલચુ નજરે ગાડીઓ સામે જોતો હતો... એ નંગોપૂંગો નાનકડો ભાઇ કેડે લઇને, સત્યજીત પાસે પહોંચ્યો' નેતાએ ભાવતાલ શરૂ કર્યો... છેલ્લે 'દસમાં ચાર' નો સોદો પાર પડ્યો... બહેરો-મૂંગાની શાળામાં ધ્વજ આપી છેલ્લે સ્લમ વિસ્તારમાં આયોજીત કાર્યક્રમમાં હાજરી આપી, ત્યાં ભાષણ આપ્યું, બધા મોટાઓના નામનો ઉલ્લેખ કરી સંપન્ન કર્યું... ચા પાણી નાસ્તા સાથે પાછા ઘરે ફરવાની યાત્રા ચાલુ કરી... રસ્તામાં લહેરાતા ત્રિરંગા અને દેશભક્તિનો માહોલ જોઇ સત્યજીતને હસવું આવતું હતું...

રાત્રે ડાક બંગલા પર ધારાસભ્ય સાહેબ સત્યજીત સાથે તાલુકાના પ્રશ્નોના નિરાકારણની મહત્ત્વની બેઠક બોલાવેલી હતી... સાથોસાથ સ્થાનિક કલાકારોએ દેશભક્તિની થીમ પર બનાવેલો એક ખાસ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો... અમેરિકા, જર્મની, રોમ જેવા દેશોની યાત્રા કરવા છતાં સત્યજીતના સ્વતંત્ર ભારતના માટીની સુગંધ અને સંસ્કૃતિની, કળાનો ગર્વ હતો, એટલે જ લોકગીતોનો લોકલ કલાકારોનો કાર્યક્રમ રાખેલો...

તાલુકાના દુઃખી પ્રશ્નો જોઇને મન ખિન્ન થઇ જાય એટલે કાર્યકર્તાઓએ 'દવા'ની વ્યવસ્થા પહેલેથી જ કરી રાખી હતી. હવે આખા દિવસનો થાક ભગાવવા એમને દવા-દારુનો અભિષેક શરૂ થયો. ગામડામાં તો દેશી મરઘી અને તાજા બકરાં સહેલાઇથી મળી જાય છે, અને એટલે એની અસ્સલ દેશી જયાફ્ત હવે જામી હતી... આખા દિવસના નારા અને ભાષણથી થાકેલા શરીરને સ્ફૂર્તિવાન બનાવવું જરૂરી હતું...

સવારે કડક ઇસ્ત્રી અને ઝગારા મારતા સફેદ કપડાં આ દિવસ આખાની દોડાદોડીમાં એકદમ ચોળાઇને મેલાં થઇ ગયા હતા. માથા પરથી ગાંધી ટોપી સત્યજીતની ખુરશી નીચે ધૂળ ખાઇ રહી હતી... બચી ગયેલો પ્લાસ્ટિકનો એક ત્રિરંગો ચવાઇને પડેલા હાડકાંના ઢંગલાની બાજુમાં સત્યજીતની આંખો અને જહન માંથી ખોવાયેલી સ્વતંત્રતા સંગ્રામની ક્ષણો ક્યાંક ડોકાય છે? એવો શોધતો છેલ્લા શ્વાસ ગણતો હતો!!

ગયા વર્ષના બનેલા આ બનાવની જાણ કરીને આઝાદે આ વર્ષે આપણા ત્રિરંગાનું અપમાન ન થાય અને આઝાદીનો નશો ઉતરતાં સાંજે ત્રિરંગો આપણાં પગોમાં ન રઝળે માટે યુવાનોને આ ઘટના વોટ્સ એપ અને ફેસબુકથી ફેલાવી ત્રિરંગાની શાન બચાવવા લાગી ગયો છે...

**ચૂંટલો :**

દેશદાઝ હોવી, રાષ્ટ્રભક્તિ હોવી એ ગૌરવની વાત છે, આપણા રાષ્ટ્રીય સ્મારકો કે જાહેર જગ્યાની કાળજી લઇ સન્માન આપવાની ફરજમાં આવે છે, બાકી આપણે દરસાલ જોઇએ છે એમ ઢગલો ત્રિરંગા દેશભક્તિનો ફિવર ઉતરતાં સાંજે આપણા જ પગમાં આળોટતાં હોય છે.

## સમય વિતાવવાની સાથે બાળપણ વીત્યુ અને અમે બંને કિશોરવયનાં થયા, હવે તેના મસ્તીખોર સ્વભાવમાં ગંભીરતા આવી ગઇ હતી, હું પણ હવે સંયમથી વર્તવા લાગ્યો, ઉંમરની સમજદારી મારામાં પણ આવવા લાગેલી

### નવાં કલેવર

\- નટવર હેડાઉ

અતીત કોઇનોય પીંછો કયાં છોડો છે? આપણે જેટલા દોડીએ એટલો એ આગળ ને આગળ દોડે છે. જો એવું ન હોય તો શું મારી સાથે તે દિવસે એવું થયું હોત.

ગામના ચોરાની સામે જ ભારતીય ખાદ્ય નિગમના અનાજ સંગ્રહ માટેના ગોડાઉન બનેલા છે. બરાબર એની સામેની જ લાઇનમાં 'પુરોહિત પ્રોવિઝન સ્ટોર' ની મારી દુકાન છે. હું અને ખાન સાહેબ, જે ગોડાઉનના મેનેજર છે તે વાતોમાં લીન હતા ત્યાં એક સુરીલા સ્વરે મારું ધ્યાન ભંગ કર્યું.

'ભૂદેવ... ' સંબોધન સાંભળી હું ચોંકી ગયો. મને આ સંબોધન સાંભળ્યે વર્ષો વીતી ગયા હતા. જરા ઊંચે જોયું તો સામે જે લાવણ્યમયી મુખાકૃતિ હતી તેને હું જોતો જ રહી ગયો. એક પ્રૌઢા સુંદરી... ઠરેલ સાગર જેવી ગહન ગંભીરતા સાથે ઊભી હતી.

'ભૂદેવ... બેસવાનું પણ નહીં કહો?'

હવે હું તેને ઓળખી ગયો હતો. જો કે તેની વેશભૂષામાં તે એકદમ અલગ લાગતી હતી.

'અરે! વિમળા... આવ... અંદર આવી જા.'

મેં તેને બોલાવી તે અધિકારપૂર્વક આગળ વધી અને સામે મુકેલાં બાંકડા પર બેઠી. બેસતાં બેસતાં તેણે પ્રશ્ન કર્યો.

ભૂદેવ... ગોરાણી કેમ છે?

સાંભળતા જ ખાન સાહેબ વિસ્મયથી મને જોઇ રહ્યા. એ જાણતા હતા કે મેં લગ્ન કર્યા નથી. ઘરમાં પત્નીનો સંબંધ બનાવી શકાય તેવી કોઇ સ્ત્રી નથી. તેમની આંખમાં આવેલા વિસ્મયભાવને સમજતાં મને વાર ન લાગી. તે વિચારતા હતા કે આ સ્ત્રી કોણ છે? કેમ આમ અધિકારપૂર્વક પ્રશ્ન કરે છે. તે ચુપચાપ અમારા બંનેની વાતો સાંભળવા લાગ્યા.

'ગોરાણી...!'

એક મોટો નિસાસો નાંખી હું શૂન્ય થઇ જોવા લાગ્યો. મારી સમક્ષ અતિત ચિત્રપટની જેમ સાકાર થવા લાગ્યો. તે સમયે એ પણ આઠ નવ વર્ષની ભોળી બાળકી હતી. તેનો ગૌરવપૂર્ણ અને નમણા ચહેરા પર આકર્ષકની આભા દમકતી હતી. તે શુદ્ર કન્યા... બધાં તેનાથી છૂ... છૂ... કરતાં પણ મને તેની સાથે સંતાકૂકડી રમવાની મજા આવતી...

તેનું નામ વિમળા હતું. પણ સાફસફાઇ કરનારાને માનથી કોણ બોલાવે. હું તેને પ્રેમથી વિમુ કહેતો. અને તે પણ મને ઘનશ્યામને બદલે ઘનુ કહીને ચિડાવ્યા કરતી. તે નટખટ અને મસ્તીખોર હોઇ મને ખુબ ગમતી.

સમય વિતાવવાની સાથે બાળપણ વીત્યુ અને અમે બંને કિશોરવયનાં થયા. હવે તેના મસ્તીખોર સ્વભાવમાં ગંભીરતા આવી ગઇ હતી. હું પણ હવે સંયમથી વર્તવા લાગ્યો. ઉંમરની સમજદારી મારામાં પણ આવવા લાગેલી.

તે દિવસે ધુળેટી હતી. ચારે બાજુ ધમાલ મસ્તીનો માહોલ હતો. આખું ગામ રસ રંગમાં તરબોળ હતું આજે વિમુની માં કામ કરવા આવી શકી નહોતી. વિમુ જ કામકાજ પતાવી બહેનપણીઓ સાથે આવતી હતી. હું પણ મારા મિત્રો સાથે ધમાલ મસ્તી કરતો ઘર તરફ આવતો હતો. ત્યાં તે મળી ગઇ.

'ઘનચક્કર' તેણે મને ચીડવતાં કહ્યું અને હસવા લાગી.

'વિમુ' કહી નેં તેના ગોરા ગાલ પર ગુલાલ ચોપડી દીધું. તે શરમની મારી નીચું જોઇ ગઇ અને તેની બહેનપણીઓ ખીલખીલાટ હસી પડી.

'ઘનચક્કર આ તે શું કર્યું?' મને અડ્યો.

'તો શું થઇ ગયું...?' અને ભાંગના નશામાં કોણ જાણે હું શું નું શું બોલી ગયો. મારો જાત પર કાબુ નહોતો પણ હું મનની વાત કહેવા પણ માંગતો હતો. તો પછી આનાથી સારો મોકો બીજો કયો હોય.

'ચાલ હટ જુઠ્ઠા' તે પણ જરા બહેકી ગયેલી.

'ના... હું તને અપનાવીશ.' મેં ફરી કહ્યું.

'અરે... ગાંડીયા ઘન્નુ... હું અછૂત ને તું ઉચ્ચ જાતિનો?' તું મને કઇ રીતે અપનાવી શકે?' તે ખીલખીલાટ હસી પડી.

'હું એમાં માનતો નથી.' મેં તેનો હાથ પકડી લીધો. એ એકાન્તમાં લઇ જઇ આલિંગનમાં લઇ ચુંબન ચોડી દીધું. તે કંપી ગઇ.

'તે આ શું કર્યું?'

પ્રેમનું એ પ્રથમ ચુંબન અંતિમ બની રહ્યું. આખા ગામમાં વાત ફેલાઇ ગઇ. ચર્ચા થવા લાગી. મેં તેને ભોળવી છે. તેની અને મારી વચ્ચેન નિકટના સંબંધો છે.

ગામની સ્ત્રીઓ અરસપરસ મળે એટલે તેમની વાતનો વિષય એક જ હોય. વિમળા માળી સાથે ચાલુ છે. ગામનું પંચ બેઠું. મેં ખુબ વિરોધ કર્યો છતાં તેના કુટુંબને ગામની બહાર તડીપારની સજા કરાઇ. હું કંઇ કરી ન શક્યો. મન મારીને રહી ગયો. મારી મનની મનમાં જ રહી ગઇ.

વિમળાનું કુટુંબ જંગલ વિસ્તારમાં ઝૂંપડું બાંધીને રહેવા લાગ્યું. ગામ સાથે તો જાણે કે તેનો સંબંધ જ તૂટી ગયો. વન પેદાશ જેવી કે મહુડા ડોડી, મધ કે લાકડાં તેનું કુટુંબ બાજુના ગામમાં જઇને વેચી આવતું અને તેનાથી તેમનું ગુજરાન ચાલતું હતું. પરિસ્થિતિ સામે નતમસ્તક થઇ ગયેલ તેનું કુટુંબ કોઇ વિરોધ કરી શક્યું ન હતું.

એક દિવસ ગામમાં ચર્ચા થવા લાગી. વિમળાના કુટુંબે ખ્રિસ્તી ધર્મ અંગિકાર કરી લીધો છે. 'ફાધરે' તેનું નામ 'ક્રિસ્ટીન' આપ્યુ છે. તેને પોતાની દીકરી સમાન સમજે છે. તેઓ કહે છે કે દરેક માનવ 'ઇશા-મસીહનું સંતાન છે. ગરીબ હોય કે તવંગર, ગમે તે નાતજાત કે ઉચ્ચનીચના ભાવના તથા ધર્મને લગતો અલગાવ એ બધું ખોટું છે. તેમની દૃષ્ટિએ બધા સમાન છે.'

ત્યારે મને વિચાર આવ્યો. 'આવું ક્યાં સુધી ચાલશે?' હિંદુત્વમાં સૌની અંદર એક જ પરમતત્ત્વનો વાસ છે. એ વિચારસરણીનું સત્ય હોવા છતાં બાહ્ય આચરણમાં આડંબર કયાં સુધી? અને આપણે કેટલા હિંદુઓને આમ જ ધર્મ પરિવર્તન માટે પ્રેરિત કરતા રહીશું.

વિમળા... ખ્રિસ્તી બની ગઇ હતી. એ જાણીને હું છાનો છપનો તેના રહેઠાણ તરફ જવા લાગ્યો હતો. અમને બંનેને એક બીજા વિના ચેન જ કયાં પડતું હતું. જયારે મળીએ ત્યારે એક બીજામાં ખોવાઇ જઇએ. જંગલમાં અમને રોકવાવાળું પણ કોણ હતું?

**(ક્રમશઃ)**

# પ્રેમના નામે પઝેસિવનેશ ક્યાં સુધી?

## એવો તબક્કો આવે કે છુટા પડવાનું મન હોય પણ સંતાનની દોરી છુટા પડવા ના દે અને જકડી રાખે, ઘર બહારની દુનિયાવાળાઓને તો એમ જ લાગે કે 'આઈડિયલ કપલ છે, જસ્ટ મેડ ફોર ઈચ અધર' પરંતુ મોટા ભાગના કિસ્સામાં એવું હોતું જ નથી, જેવું બહારથી દેખાતું હોય છે

### ગુલમહોર

\- દિનેશ દેસાઇ

વિશ્વનાં શક્તિશાળી બિઝનેસ વૂમન અને ફોર્બ્સ-વૂમન ઓફ ધ યર તરીકે જાણીતાં આઈ. સી. આઈ. સી. આઈ. ના ચેરપર્સન ચંદા કોચરનું કહેવું છે કે એકવીસમી સદીમાં મહિલાઓ વધુ શિક્ષિત થઈ છે અને આર્થિક રીતે પણ વધુ સક્ષમ બનીને પુરુષોથી પણ વધુ કમાતી થઈ છે. આમ છતા આવી મહિલાઓ તેમના પતિમહાશયની માનસિક-શારીરિક ગુલામી કેમ ચલાવી લે છે, એ સમજાતું નથી.

ચંદા કોચર પોતે પાવરફૂલ બિઝનેસ વૂમન છે. એશિયાની સૌથી મોટી ગણાતી ઈન્ટરનેશનલ બેન્કના સર્વોચ્ચ પદ ઉપર છે. તેઓ એકવીસમી સદીની વર્કિંગ વૂમનની વેદના અને બેડરુમની ચાર દીવાલોમાં અથડાતા રહેતા ડુસકાને સમજે છે. તેમણે કહ્યું છે કે આજની સ્ત્રી ભણેલી અને સારું કમાતી હોવા છતા શા માટે પોતાની ઉપર પતિના જુલમો-સિતમ ચલાવી લે છે? આમ સ્ત્રી-પુરુષ સમાનતાની, ઈક્વાલિટીની બધી વાતો વાસ્તવિકતાની દુનિયામાં હવા થઈ જાય છે, હવામાં ઓગળી જાય છે.

મેલ ડોમિનન્ટ સોસાયટી માટે આજની આધુનિક નારી શું જવાબદાર નથી? પહેલી નજરમાં આધુનિક વિચારસરણીવાળી યા મોડર્ન દેખાતી વર્કિંગ વૂમન હો કે હાઉસ વાઈવ્સ આખરે પોતાના પતિના શરણે જ રહેવાનું કેમ પસંદ કરે છે? પતિ પ્રત્યે માન, આદર, વિવેક અને સન્માન હોય એ તો સમજી શકાય, પરંતુ સામે ચાલીને ગુલામીની લગોલગ જિંદગી કોઈક અપવાદ સિવાય મોડર્ન વૂમન સામે ચાલીને પસંદ કરે છે, એનું લોજિક શું છે? કોઈ જવાબ નથી. લાજવાબ.

આપણે ડો.નિમિષા ભટ્ટની વાત કરીએ તો પતિ-પત્ની બેઉ ડોક્ટર છે અને બેઉ કન્સલ્ટન્ટ ફેમિલી ફિઝિશિયન તરીકે અલગ અલગ દવાખાના સંભાળે છે. સવારે અને સાંજે એવરેજ વીસ-વીસ પેશન્ટ અને દરેક પેશન્ટ પાસેથી એવરેજ સો રૂપિયા ચાર્જ અને મહિનાના ૨૫ દિવસની પ્રેકટિસ ગણીએ તો દર મહિને એક લાખ રૂપિયા પતિના હાથમાં (ચરણમાં) જમા કરાવી દે છે. પતિ પણ મહિને એટલું જ કમાય છે. પરંતુ જિંદગી જાણે એક બંદીવાન યા જેલના કેદી જેવી. જેલ ખરી પણ પ્રેમની જેલ અને પોતે પસંદ કરેલી જેલ. કેવી રીતે? એ પણ સમજવા જેવું છે. ઘરથી દવાખાનું અને દવાખાનાથી ઘર. ટાઈમટેબલમાં જો પાંચ મિનિટ પણ ફેરફાર થાય કે પતિ મોબાઈલ કરીને પત્નીને લોકેશન પુછી લે.

પતિ-પત્ની બેઉ ડોક્ટર હોય એટલે એકમેકની ફિલિંગ્સ વધુ સારી રીતે સમજી શકે અને એકમેકના પ્રોફેશનલ ફિલ્ડના વર્ક-ટાસ્ક અને ચેલેન્જીસ પણ સમજી શકે એવું માનવામાં આવે છે, પરંતુ હંમેશા એવું બનતું નથી હોતું. આદર્શ અને વાસ્તવિકતાઓ ઉત્તર અને દક્ષિણ ધ્રૂવ સમાન હોય છે એ વાતનો અહેસાસ લગ્નના વરસો વીતતાં જાય તેમ તેમ ખબર પડતી જાય. પછી એવો તબક્કો આવે કે છુટા પડવાનું મન હોય પણ સંતાનની દોરી છુટા પડવા ના દે અને જકડી રાખે. ઘર બહારની દુનિયાવાળાઓને તો એમ જ લાગે કે આઈડિયલ કપલ છે. જસ્ટ મેડ ફોર ઈચ અધર. પરંતુ મોટા ભાગના કિસ્સામાં એવું હોતું જ નથી, જેવું બહારથી દેખાતું હોય છે.

આપણે ડો.અલકા શાહની પણ વાત કરીએ. પત્નીની ગવર્મેન્ટ મેડિકલ ઓફિસર તરીકે મહિને સવા લાખની પગારની આવક, જયારે પતિ બિચારા પરચુરણ કન્સલ્ટિંગ કરીને મહિને ચાળીસ-પચાસ હજાર અથવા ક્યારેક પચ્ચીસ-ત્રીસ હજાર પણ કમાઈ લે. પતિને પોતાની ઓછી આવકનો ઈગો પ્રોબ્લેમ. શરુઆત અહીંથી થાય. પતિનો દેખાવ પણ પત્નીના પિતા હોય એવો બૂઝુર્ગ. આમ ડો.અલકા શાહના પતિને દેખાવનો વળી બીજો ઈગો પ્રોબ્લેમ. ઘરનો તમામ ખર્ચ પત્ની જ ઉઠાવે. સંતાનોને ભણાવવાની ફી, તેમનો તમામ ખર્ચ પત્નીની આવકમાંથી જ થાય. લોનથી લીધેલા મકાન માટે બેન્કનો માસિક હપતો પણ પત્નીએ જ ભરવાનો. ઘરખર્ચ, લાઈટ બિલ, ટેક્ષ અને અનાજ-કરિયાણું વગેરે તમામ ખર્ચ પત્ની જ કરે. તો પછી પતિએ શું કરવાનું? એણે ઘરની કોઈ જવાબદારી નહીં પાડવાની? આ સવાલનો જવાબ છે, ના.

ડો.અલકા શાહના પતિ માત્ર પોતાના અંગત ખર્ચ, પોકેટ મની અને રકમ વધે તો શેરબજારમાં પોતાની કમાણી ખર્ચ કરી નાખે. પરંતુ ઘરમાં અથવા પત્નીને એક રૂપિયો પણ ના આપે. શેરબજારમાં સટ્ટો રમવો એટલે રૂપિયા ગુમાવવાનો જ ધંધો. પત્નીએ સમયસર નોકરીએ જવાનું અને સમયસર ઘરે પાછા આવવાનું. અઠવાડિયામાં ચાર-પાંચ વાર પતિ પોતે પત્નીને લેવા-મૂકવા માટે જાય. પત્નીને જો દસ મિનિટ પણ મોડું થાય તો પતિ જાતજાતના સવાલો કરે. અરે, દિવસમાં દર એક કલાકે પત્નીને મોબાઈલ કરીને પુછતાછ પણ કરે. લોકોને એમ દેખાય કે પતિ-પત્ની વચ્ચે કેવો પ્રેમ છે. પરંતુ એક પ્રકારની બંદીવાન સ્થિતિ. પતિએ પત્નીના રૂપિયામાંથી કાર લીધી પરંતુ પત્નીને ચલાવવા પણ ન આપે. વધુ કમાતી પત્ની બિચારી ટુ-વ્હીલર વાપરે. પતિએ જયારે બીજી નવી કાર પત્નીના રૂપિયાથી જ લીધી, ત્યારે મોટા ભાગના ઘરોમાં બને છે એમ જૂની કાર પતિએ પત્નીને ફાળવી, પરંતુ ચલાવવા તો ના જ આપે. એવું બોલી બોલીને ઈમોશનલી ટોર્ચર કરે કે, તને ટ્રાફિકમાં બરાબર ચલાવતા ક્યાં આવડે છે? ઘરની ચાર દીવાલોમાં પત્નીનાં ડુસકાં કોણ સાંભળે? એ કોને કહેવા જાય કે પતિનો આવો ત્રાસ છે? બહારની દુનિયાના લોકોને તો આ પતિ-પત્ની હેપી કપલ જ લાગે.

મેડિકો-કપલનું ઉદાહરણ આધુનિક યા મોડર્ન કપલ તરીકે આપીએ તો ડો.મેઘના શાહની પણ વાત કરીએ. પતિ ઓશો સન્યાસી અને મુક્ત આચારવિચારવાળા. પતિ-પત્ની બેઉ સરકારી નોકરીમાં એટલે મહિને એક-એક લાખથી વધુ પગાર. છતા પતિ લગ્ન કર્યા ત્યારથી ઘરમાં એક રૂપિયો પણ ના આપે. પત્નીએ જ ઘર-પરિવારની તમામ જવાબદારીઓનું વહન કરવાનું રહે. પતિ પોતાના પગારની રકમ એશોઆરામ માટે જ ખર્ચ કરી નાખે. એકથી વધુ મહિલાઓ સાથેના સંબંધ પણ ખરા.

સામાન્ય રીતે પતિનું પરસ્ત્રીગમન કોઈ પણ પત્ની ચલાવી ના લે. એ જ પ્રમાણે પત્નીના લગ્નબાહ્ય સંબંધો પણ પતિ ના ચલાવી લે. પરંતુ હદ તો એ થાય કે ડો.મેઘના શાહની નજર સામે જ તેના ઘરમાં પતિ પોતાની સ્ત્રીમિત્રને આમંત્રિત પણ કરે. આટલી હદ સુધી પત્નીએ બધું સહન કરવાનું અને ચલાવી લેવાનું આવે. બે સંતાનોના ચહેરા નજર સમક્ષ હોય એટલે છુટાછેડા લેવાનો વિચાર પણ ના આવે. બહારની દુનિયા માટે આ કપલ આદર્શ યુગલ જ દેખાય. બીજી તરફ ઘરની ચાર દીવાલોમાં પત્ની ચોધાર આંસુએ રડતી રહે. એટલું જ નહીં, સહેજ પણ વિરોધનો સૂર-અવાજ કાઢે ત્યારે પત્ની ડો.મેધના શાહને તબીબ પતિ ઢોરની માફક મારે અને રૂમમાં પણ પુરી દે. આદર્શ નારી તરીકે તબીબ પત્ની આમ છતા પતિને પરમેશ્વર તરીકે સ્વીકારે. તેની મારઝુડ જાણે પત્નીને મન પ્રસાદ.

**સ્ટોપર :-**

જીવનમાંથી સંવાદીતા અને સાયુજયનું સંગીત રેલાય એનું નામ સુખ. તૃપ્તિ અને આનંદની સૂરાવલિઓ ભીતરથી સતત છલકતી રહે એનું નામ સુખ. **- મોઝાર્ટ**